COLLECTION of GINANS

*Composed by*

# The Great Ismaili Saint

# PIR SHAMS

—:★:—

મહાન ઈસમાઈલી સંત

# પીર શમ્સ

રચિત

# ગીનાનોનો સંગ્રહ

૨

મુંબઈ

ઈસમાઈલીઆ એસોસીએશન ફોર ભારત

પ્રકાશન

૧૯૫૨

હદિયો

આવૃતિ પહેલી — પાક-ભારત રૂ. ૧॥ પોસ્ટેજ પેકીંગ સાથે રૂ. ૨

પ્રત ૨૦૦૦ — બર્મા રૂ. ૧॥ ,, ,, ,, રૂ. ૨।

પરદેશ માટે શી. ૩ ,, ,, ,, શી. ૪

●

ALL RIGHTS RESERVED.

આ પુસ્તકના સર્વે હક પ્રગટકર્તાએ પોતાને સ્વાધિન રાખેલ છે.

★

છાપી પ્રગટ કરનાર

ઇસમાઇલીઆ એસોસીએશન ફોર ભારત વતી

પ્રેસ એન્ડ પબ્લીસીટી ડીપાર્ટમેન્ટના ઓન. સેક્રેટરી

**બી. વી. એન. હુદા** ઇસમાઇલી પ્રિન્ટીંગ પ્રેસ, બીમપુરા,

ડોંગરી-મુંબઇ, ૯.

## (૭૯) મું ગીનાન.

### (ગરબી ૧ લી)

આદ ગુર શમસ મુન્નવર જાણુ, તે તો ફરીયા બહુ જુગ પ્રમાણ. ૧
તે તો ગયા અનલવડ માંહે, ત્યાં હીંદુ રહે છે અતીજ આંહે. ૨
તેના દેવલ દેરા અતીજ ઘણા, તે તો માતા ભવાનીને માને તતક્ષણા. ૩
તે તો ગરબી રમતાં નોરતાં માંહે, ગુર શમસ ગયા છે ત્યાંય. ૪
ત્યાં આસો શુદ એકમની રાત, તે ગરબી પેલી રમે સહુ સાથ ૫
ત્યાં છત્રીસ પંડીત તો કથા કરે, પાંચશો રમતીયા રમે છે ખરે. ૬
ગુરજી ઉભા જાઇ તેણે ઠામ, સુણ્યા વચન હીંદુનાં તમામ. ૭
તેતો નો નાચે બહુ અતી ગાવે ગીત, પત્થર સાથે તેને બહુ પ્રીત. ૮
તારે પીર શમસને કરોધજ થયા, તે તો નાચણહાર માંહે જઇ નાચ્યા. ૯
તારે ગીત ગાયા ગુરજી ગીનાન, તે સુણવા લાગ્યા હીંદુ અજાણ. ૧૦

## (૮૦) મું ગીનાન.

### (ગરબી ૨ જી)

આજ આનંદ પામ્યા મન કે, સતગુર સેવીયારે લોલ. ૧
તમે ભુલો મ મુરખ લોક કે, મરમ રદેહ ધરોરે લોલ. ૨
એ તો પાખણ દેવલ ભુત કે, ફેરા શું ફરોરે લોલ. ૩
તમે સેવો સતગુર નુર કે, ગુર અનવર ધણીરે લોલ. ૪

તમે દાન દશોંદે રહેજો પુર કે, તો ફળ પામશોરે લોલ. ૫
એ તો પુરા રીખીસર કરશે ગજ કે, જે સતપંથે ચાલશેરે
લોલ. ૬
તમે નાચો દીન ને રાત કે, કાંઇ નવ પામશોરે લોલ. ૭
એ તો પથર સરવે ભુત કે, બોલે બી નહીરે લોલ. ૮
તમે ભુલો તો ફોગટ, કાંહે કે, જે ઘડીયાં માનવીરે લોલ. ૯
એ તો ગરબી જુઠો છે દેવ કે, ભવાની છે કયાંરે લોલ. ૧૦
એ તો ગુર બ્રહ્માની કળા ભરપુર કે, ત્યાં સરવે રહેરે લોલ. ૧૧
તમે જુઠા જુવો સબ સંસાર કે, જમથી જાણજોરે લોલ. ૧૨
તમે માનો અલી અવતાર કે, તો ફળ પામશોરે લોલ. ૧૩
તો પાપ પ્રાશ્ચિત થાશે દુર કે, પદવી પામશોરે લોલ ૧૪
એમ સમજાવ્યા તે સતગુરે સાચ કે, તોયે નવ જાણીયારે
લોલ. ૧૫
તે તો સુણીયા સરવે લોક કે, વળતાં બોલીયારે લોલ. ૧૬
તમે આવજો બીજી રાત કે, મલી કરી નાચીયેરે લોલ. ૧૭
એમ બોલ્યા ગુર શમસ પીર કે, ચેતીને ચાલજોરે લોલ. ૧૮

## (૮૧) મું ગીનાન.

### (ગરબી ૩ જી)

ગુરૂ આવ્યા બીજી રાત કે, આવીને નાચીયારે લોલ. ૧
તારે બોલ્યા મીઠા બોલ કે, અમરત વાણીયારે લોલ. ૨
તમે સુણજો સરવે સાથ કે, ચેતીને ચાલજોરે લોલ. ૩
એ તો સારા મકર છે ભરપુર કે, નીસ્ટે જાણજોરે લોલ. ૪
તમે મનમાંહે કરો વીચાર કે, પથર શું હશેરે લોલ. ૫
તમે સેવો સાહેબ સીરજણહાર કે, દ્રઢ વિશ્વાસીયારે લોલ. ૬
જેણે સરજી ચારેહી ખાણ કે, જીવજ નાંખીયારે લોલ. ૭
જેણે કીધાં તે ભગતુના કામ કે, જુગા જુગ આવીયારે
લોલ. ૮

જેણે રૂખમુગતને લીધો ઉગાર કે, વરત છોડાવીયારે લોલ. ૯
જેણે ગઉતમ કેરી રાખી લાજ કે, ગરન ઉજાણીયારે લોલ. ૧૦
તેણે ધ્રુરૂવને આલીયું અવીચળ રાજ કે, પદમી પામીયારે લોલ. ૧૧
તે તો થંભથી ફુટી આવ્યા બહાર કે, પહેલાજ તારીયારે લોલ. ૧૨
ત્યાં હરણાકંસને મારીયો ઠાર કે, નખેસું વીદારીયારે લોલ. ૧૩
તેણે હરીચંદ્રનો ઝાલ્યો હાથ કે, તેને ઉગારીયારે લોલ. ૧૪
તે તો દુવાપર જુગમાંહે હોતા સાર કે, પાંડવ તારીયારે લોલ. ૧૫
આજ કલજુગમાં કરોડ બાર કે, સતીયાં સાચસુંરે લોલ. ૧૬
પછી છેલ્લી સંઘે મુનીવર વીર કે, અનંત ઉગારશેરે લોલ ૧૭
એમ બોલ્યા ગુરૂ શમસ પીર કે, સતે સુધા રહોરે લોલ. ૧૮

## (૮૨) મું ગીનાન.

### (ગરબી ૪ થી)

ગુર આવતા સરવે રાત કે, ગીનાન સુણાવતારે લોલ. ૧
તોઇ મુરખ ન સુણે ગેમાર કે, કાને બેરીયારે લોલ. ૨
ગુર બોલ્યા મીઠા બોલ કે, સાંભળો સારથીરે લોલ. ૩
તમે કાંઇ કરો છો જુઠા ખેલ કે, જાણો નવ જુઠકુંરે લોલ. ૪
તમે સરેવો સાચું નામ કે, નર નકલંકી તણુંરે લોલ. ૫
જેણે અરસ કુરશને રાખ્યા એમ કે, સરવે ઉપાયારે લોલ. ૬
જેણે ચંદ્ર સુરજ સરજ્યા સાર કે, પવન પાણીયારે લોલ. ૭
એવાં કરજો આછાં કામ કે, ચોખાઇ આપણીરે લોલ. ૮
તમે કાંઈ ન જાણો સતપંથ ધરમ કે, રદામાંહે જુઠીયારે લોલ. ૯
તમે કુડ કપટને નાંખો બહાર કે, રૂડાઇ આપણીરે લોલ. ૧૦
તમે ધ્યાવો તે ધરમ આચાર કે, ગુર બ્રહ્માજીનેરે લોલ. ૧૧
જેનું નામ મહમદ નુર કે, આખર અંબીઆરે લોલ. ૧૨

તમે સ્મરણ તેની કરજો સાર કે, મોલા અલી માનજોરે
લોલ. ૧૩
જેનું હાજર જોમો કહીએ નામ કે, શાહ નીઝારીયારે લોલ. ૧૪
તેના અનવર છે ઈમામ કે, જુગ કાયમ કીયારે લોલ. ૧૫
કે તમે સાંભળો સાચું જ્ઞાન કે, તમે સેવજોરે લોલ. ૧૬
તમે પામશો પહેલો પાર કે, સરગે જાશોરે લોલ. ૧૭
એમ બોલીયા ગુર શમસ પીર કે, દશોંદે સુધા રહોરે લોલ. ૧૮

## (૮૩) મું ગીનાન

### (ગરબી ૫ મી)

કે તમે અમીરસ પીજો દીન ને રાત કે, નુર નુરાનીયારે લોલ. ૧
તો પાપ પ્રાશ્ચિત સરવે જાય કે, ચીતના ચોખલારે લોલ. ૨
એ તો આગમ વાણી સુણજો જોઇ કે, મનમાંહે માનજોરે લોલ ૩
તમે ગીનાન વીચારી ચાલો વીર કે, નહીકાં નોખલારે લોલ. ૪
જેણે ગીનાન નહી સુણીયા કાન કે, તે ભુલા પડીયારે લોલ. ૫
તમે માનખો જનમ કાં ખોવો હાથ કે, ફરી નહી આવશેરે
લોલ. ૬
તમે ધ્યાવો ધરમ આચાર કે, અધરમી ભુલીયારે લોલ. ૭
એ તો કરતવ આછા કીજે સાર કે, તો વઇકુંઠ પામશોરે લોલ. ૮
તમે સતની જાણો સુધી વાટ કે, અસતી ઉતરીયારે લોલ. ૯
જેણે જાણીયા સરવે મરમ, તે ફલ પામીયારે લોલ. ૧૦
તમે કાને સુણજો આવા ગીનાન કે, લાલ અમોલીઆરે લોલ. ૧૧
કે તમે રખે ભુલો વારોવાર કે, ચેતીને ચાલજોરે લોલ. ૧૨
તમે રમજો સતને સંગાથ કે, ચીત ચોખા કરીરે લોલ. ૧૩
તમે કુડ કપટને કરજો દુર કે, ફલ પામશોરે લોલ. ૧૪
તમે આછી કીરીયા કરજો સાર કે, રદેઆ માંહે ભાવ ધરીએરે
લોલ. ૧૫
સતસંગ કરજો સાચી રીત કે, ધરમ સત રાખજોરે લોલ. ૧૬

સહી સેવો તમે સતગુરનુર કે, નર કાસમ શાહ કરીનેરે લોલ. ૧૭
એમ બોલીયા ગુર શમસ પીર કે, ફલ પામશોરે લોલ. ૧૮

## (૮૪) મું ગીનાન.

(ગરબી ૬ ઠી)

માંહે વરસે અમરત નુર કે, કુદરતી ખેલજોરે લોલ. ૧
બે પડ રાતા બલદ બે ચાર કે, રાંસે રાખજોરે લોલ. ૨
હર કીરીયા છે ગુરજીને હાથ કે, સમરણી હાથ કરોરે લોલ. ૩
તમે ખેત્ર ખેડો, કીરીયા સાર કે, વરત વાવજોરે લોલ. ૪
તમે પાપના પડદા મેલો દુર કે, ચીતમાંહે ચેતજોરે લોલ. ૫
કરમના કાઢો કુડા મુળ કે, મન ચોખા કરોરે લોલ. ૬
તમે નીત નીંદામણ કરોને દુર કે, વરેહની વાડ કરોરે લોલ. ૭
ને સતનું સાવજ઼ કાઢો બહાર કે, પંખી શું કરેરે લોલ. ૮
પુન પ્રીત કરો સંગાથ કે, હરી સું હેત ધરોરે લોલ. ૯
અમર ખેતર લેજો જોઇ કે, ઢગે ઢાળજોરે લોલ. ૧૦
તમે લણી લેજો લુણુવા કાજ કે, અહોનશ જાગજોરે લોલ. ૧૧
ખળા કરજો ખબરદાર કે, બે પાર પુરા કરોરે લોલ. ૧૨
ધરમના ધોરી થઇ કરજો કામ કે, અમર ઉપનારે લોલ. ૧૩
ગાડા ભરજો ગુરનાં ગીનાન કે, મંદીર માંહે મેલજોરે લોલ. ૧૪
ચીતમાંહે ચોરી મ કરજો જોઇ કે, દશોંદ આલજોરે લોલ. ૧૫
એમ રમજો દીન ને રાત કે, તો રાજ રૂડા કરોરે લોલ. ૧૬
તમે ભાવે ભગતી કરજો કામ કે, ફલ પામશોરે લોલ. ૧૭
એમ બોલીયા ગુર શમસ પીર કે, મનસું માનજોરે લોલ. ૧૮

## (૮૫) મું ગીનાન.

(ગરબી ૭ મી)

તમે રમજો દીન ને રાત કે, રાજ રૂડા કરોરે લોલ. ૧
મોર છાપ કરે કીરતાર કે, જુગાજુગ જાગજોરે લોલ. ૨

તમે લણી લેજો દુનીયાં માંહે કે, રાજ રૂડા કરોરે લોલ. ૩
તો વઇકુંઠ જાતાં વરસે નુર કે, અવીચળ આગળેરે લોલ. ૪
ગુર ગીનાનના ધમણુ હાથ કે, પુસ્તક પાળજોરે લોલ. ૫
અંકુસ અકલ લેજો હાથ કે, સીર સોંપી વળોરે લોલ. ૬
સીર સાટાનું લેજો સંસ્કાર કે, તો ખંડા શું કરેરે લોલ. ૭
એવા ફરી ફરી જનમો કાંય દુનીયાં માંહે કે, ફેરા શું ફરોરે લોલ. ૮
આખર દુનીયાનો શીઓ છે સંગાથ કે, કુંવર કોડામણોરે લોલ. ૯
પ્રભુ વીના પડેરે પુરાણુ કે, બીજ વીના વાવી શું કરોરે લોલ. ૧૦
તેમાં આગે અગારાની નીપજ હોય કે, ઝેરના ઝુમખાંરે લોલ. ૧૧
ગુર વીના આ ઠગ ધુતારા લોક કે, તાસું શું મલોરે લોલ. ૧૨
ગુરનું થાનક વેદ પુરાણુ કે, ગાફલાઇ શું કરોરે લોલ. ૧૩
સામી આવશે જંપુદીપ કે ક્ષેત્ર કુંવારકારે લોલ. ૧૪
વારે વારે વગોણુા થાય કે, જાતા જુવા પડોરે લોલ. ૧૫
ઓવાટે લુટાણા સબ કોઇ કે, ધંધે ધુળ મળીયારે લોલ. ૧૬
સતપંથ છે ખાંડાની ધાર કે, ગીનાન માંહે રહેજોરે લોલ. ૧૭
તમે જુઓ જુઓ ગુરજીના વેણુ કે, વીશેસ વીશ્વાસ કરોરે લોલ. ૧૮
એમ બોલ્યા ગુર શમસ પીર કે, મનસુ માનજોરે લોલ. ૧૯

## (૮૬) મું ગીનાન.

### (ગરબી ૮ મા)

તમે જપજો દીન રાત કે, મંદીર માંહે મહાલજોરે લોલ. ૧
જાંકી સુરતી લાગી ભરમંડ કે, અમર રેલજોરે લોલ. ૨
ઝેવા તાણુ ન ટુટે તાર કે, સુરતી બાંધજોરે લોલ. ૩

અનહદ વાજા વાજે સાર કે, નીત સોહંગ ઉઠેરે લોલ. ૪
માંહે બેઠા સુરતીયા સાર કે, દુરીજન શું કરેરે લોલ. ૫
ઝાંકી સુરતી લાગી ભરમંડ કે, નુરમાંહે ખેલજોરે લોલ. ૬
ભેદ ન જાણે પડેરે પુરાણુ કે, મુંઢ મતી સું કરેરે લોલ. ૭
તમે પરખો તે પરખણુહાર કે, ચીતમાંહે ચેતજોરે લોલ. ૮
ભરમંડ આખો કરજો હાથ કે, જ્યાં રવ ચમકાર છે રે લોલ. ૯
સીર અલ્યાથી આવે હાથ કે, તોય સોંઘો જાણજોરે લોલ. ૧૦
પુરવ જનમના હોય સંસ્કાર કે, તો ફળ પામશોરે લોલ. ૧૧
શુરા હો કર લડો સનમુખ કે, સીર સોંપી વળોરે લોલ. ૧૨
તમે ગુરૂજી સાથે હેત કે, રીદામાંહે રાખજોરે લોલ. ૧૩
તારે અમર ખેત્ર પાંકે સાર કે, હરખે ઢાલજોરે લોલ. ૧૪
હીરા મુમન કરજો હાથ કે, ફેરા શું ફરોરે લોલ. ૧૫
જોઇ જોઇ ભગતી કરજો સાર કે, તો ફળ પામશોરે લોલ. ૧૬
છાની ચોરી ન કરીએ વીર કે, દશોંદ આલજોરે લોલ. ૧૭
કે જાણી લેજો દુનીયામાંહે કે, પુસ્તક પાળજોરે લોલ ૧૮
તમે ચીતમાંહે ચેતો મુનીવર ભાઇ કે, મુગતીયે મહાલજોરે લોલ. ૧૯
તમે જુવો જુવો ગુરના ગીનાન કે, ભુલા શું ફરોરે લોલ. ૨૦
જે ચાલ્યા ગુર ગીનાન પ્રમાણુ કે, તે અમર હુવારે લોલ. ૨૧
એમ બોલ્યા ગુરૂજી શમસ પીર કે, મનસું માનજોરે લોલ. ૨૨

## (૮૭) મું ગીનાન.

### (ગરબી ૯ મી)

ભુલો ભુલો તે ભુલો ભમરડોરે લોલ. ૧
કીયાં ભુલે મેરા પ્રાણીયારે લોલ. ૨
અગન જટન તારે તન જાગીયારે લોલ. ૩
અભી ભુલે સોહી પ્રાણી હારસેરે લોલ. ૪
એવા આધે તો ભવ જે લંગણારે લોલ. ૫

તમે કીસ બીધ લંગશો, પાળીયારે લોલ. ૬
આગે પતણુ નહી કોઇ બેડીયારે લોલ. ૭
નહી વજ નહી કોહે તુલહારીયારે લોલ. ૮
સત કેરી બાંધો તમે પાળીયારે લોલ. ૯
તમને ધરમ લંગાવે પારીયારે લોલ. ૧૦
ગુરૂ જામીન તમારા ભાઇ હો ચલેરે લોલ. ૧૧
તમે ઇસ બીધ લંગશો પારીયારે લોલ. ૧૨
જે કોઇ હોલે હોલે ભાઇ તરી ગયારે લોલ. ૧૩
બુડે સોહીકે જીન સીર ભારીઆરે લોલ. ૧૪
આગે નહી કોઈ હાટ વાણીયારે લોલ. ૧૫
નહી વણજ નહી વેપારીયારે લોલ. ૧૬
આગે નહી કોઇ ભેણુ નહી ભાઇયોરે લોલ. ૧૭
ત્યાં નહી કોઇ બાપ નહી માઇયારે લોલ. ૧૮
ભાઇ એકલડા ઉઠ કર જાઈંગેરે લોલ. ૧૯
કુછ ધરમ લીયો તમે સાથીયારે લોલ. ૨૦
એજી ગીનાન શમસ ગુર બોલીયારે લોલ. ૨૧
કુછ સુકરીત કરો ધરમ સાથીયારે લોલ. ૨૨

## (૮૮) મું ગીનાન.

### (ગરબી ૧૦ મી)

સત મારગ શમસ પીર, દેખાડીયા ગરબીએરે લોલ. ૧
જેણે નીરખીયાં અમર નામ, તે અમર થઇ ગયારે લોલ. ૨
ગુરે હરકે હરકે કીધી બોધ, બતાવ્યા સરવેનેરે લોલ. ૩
એવા ભાખ્યા વેદ પુરાણ, તે કથ્યા મુખ થકીરે લોલ. ૪
ગુર નાચે ગરબી માંહે, તે ગાય કુરાનનેરે લોલ. ૫
તે તો ભાખે ભાખ્યા અમોલ, ખેલાવે ખેલડીરે લોલ. ૬
પેલા ભાખ્યા કલપ ચાર, ઉપાવણ સેસ્ટનીરે લોલ. ૭
તેમાં ગુર ભરમાની રમતજ સાર કે, જાગ ઉપાવીયારે લોલ. ૮

જેમ વીશનવના બગાસા માંહે, ઉપના તેજ થકીરે લોલ. ૯
તેની બ્રહ્મ રચના થઇ અપાર કે, અસ્ટ કરોડનીરે લોલ. ૧૦
તારે માયા માંડી જુગની જાલ કે, તેણેથી મોહી રહ્યારે લોલ. ૧૧
તેણે પાડયો પાડયો છળ કે, રૂખીને હેરીયારે લોલ. ૧૨
તેણે આજ કલીમાં મોહ્યો સંસાર તે, ગાફલ ભુલીયારે લોલ. ૧૩
પછી પેલા કલપનું કરી વીસ્તાર કે, જખને નીમીયારે લોલ. ૧૪
તારે કીધા છે સતપંથ ધરમ, તે આપે નરજીએરે લોલ. ૧૫
તારે ગુર શમસ ત્યાં હોતા સાર, તે બ્રહ્મા સત કહીયેરે લોલ. ૧૬
તેણે પાવલ કાઢી દીધી સાર, કરી પાવન રૂખિનેરે લોલ. ૧૭
એમ બોલ્યા ગુર શમસ પીર કે, પાવલ સતે પીવોરે લોલ. ૧૮

## (૮૯) મું ગીનાન.

### (ગરબી ૧૧ મી)

સતે પાવલ પીયો દીન ને રાત કે, તો ફળ પામશોરે લોલ. ૧
જેમ સીધ્ધા નવાણું કરોડી જખ, તે અમર હુવારે લોલ. ૨
એમ સીધ્ધા તે માલા મેઘ કે, છપન કરોડીયારે લોલ ૩
એમ સીધ્ધા તે કીન્નર દેવ કે, બત્રીસ કરોડીયારે લોલ. ૪
એમ સીધ્ધા તેત્રીસ કરોડ દેવ કે, તે ફળ પામીયારે લોલ. ૫
પછી છેલા કલપની ઘડીયું ચાર, તેમાંહે જીવ તારીયારે લોલ. ૬
તેમ પાંચ કરોડસું રાય પહેલાજ, જેણે નરસંગ જપીયારે લોલ. ૭
તેમાં સાત કરોડસું હરીચંદ્ર રાય કે, શ્રી રામે તારીયારે, લોલ. ૮
એમ નવે કરોડસું પાંડવ રાય કે, શ્રી બુધે ઉગારીયારે લોલ. ૯
તેના છત્રીપતી જુજેષ્ઠણ રાય, તેને ભરણુ ભરાવીયારે લોલ. ૧૦
આજ કલીમાંહે કરોડી બાર કે, સતીયા સાચસુરે લોલ. ૧૧
તેના પીર સદરદીન તારણહાર, તે આપે તારીયારે લોલ. ૧૨

તેણે ધીયાવ્યા મહુમદ નામ, અલી અવતારનેરે લોલ. ૧૩
આજ છેલી સંધે તારશે સાર, જે સતપંથ ધ્યાવશેરે લોલ. ૧૪
જે પાવલ પીશે મુનીવર વીર કે, દશોંદ આલશેરે લોલ. ૧૫
જે કીરીયા ચાલીસ પાલશે જન, તે અનત માંહે આવશેરે લોલ. ૧૬
તેની સરગે હોશે વધાઇ કે, અમર ફળ પામશેરે લોલ. ૧૭
તેના એકોતેર પુરીયા સાર કે, માઈ બાપનારે લોલ. ૧૮
તે તો સાથે આવશે સાર, તે વઇકુંઠ પામશેરે લોલ. ૧૯
જે પાથર પુજે જુઠા દેવ તે દોજખે જાશેરે લોલ. ૨૦
એમ બોલ્યા ગુર શમસ પીર, નાચો સત સંગેરે લોલ. ૨૧

## (૯૦) મું ગીનાન.

(ગરબી ૧૨ મી)

ચેતો ચેતો તે ચંચલ ચેતીયારે લોલ. ૧
રમો રંગે તે રૂડા સતીયારે લોલ. ૨
છોડો મુરખાઇ લોભ કપટનેરે લોલ. ૩
તમે સમરો તે સારંગ પ્રાણુનેરે લોલ. ૪
તમે પત્થરને માનો છો પ્રેમસુંરે લોલ. ૫
તેથી નહી પામો તમે બ્રહ્મકુરે લોલ. ૬
એતો ગરબી ભવાની જુઠીયારે લોલ. ૭
એવા જોત કપટ કેરા મુઠીયારે લોલ. ૮
નાચે શું થાશે પ્રાણી તમે થાકશોરે લોલ. ૯
જુઠા રંગ રહેસું માં રાખજોરે લોલ. ૧૦
તમે કીધા છે જમવાના જોગીયારે લોલ. ૧૧
જુઠા કુડ કપટ તણાં ભોગીયારે લોલ. ૧૨
સેવો કાસમ શાહ નર નામનેરે લોલ. ૧૩
તો પામશો તે વઇકુંઠ ઠામનેરે લોલ. ૧૪
ધ્યાવો ધરમ મારગ સતપંથનેરે લોલ. ૧૫

એવા સાચા સાહેબ સમરથનેરે લોલ. ૧૬
એમ ગુર પીર શમસ બોલીયારે લોલ. ૧૭
સરવે નાચણુહારાનાં તાળાં ખોલીયારે લોલ. ૧૮

## (૯૧) મું ગીનાન.

### (ગરબી ૧૩ મી)

ગુરજી આવ્યા સાતમી રાત કે, નાચે બહુ રંગેરે લોલ. ૧
ત્યાં સરવે નગરનાં મલ્યા લોક કે, નાચે ગુર સંગેરે લોલ. ૨
ગુર શમસે કથ્યા ગીનાન કે, અતી ઘણા ભાવથીરે લોલ. ૩
રતન જુગના કરી વીસ્તાર કે, સુણો સરવે સારથીરે લોલ. ૪
ત્યાં જખ નવાણું મલશે સાર કે, મેઘા સારથીરે લોલ. ૫
ત્યાં કીનર કરોડ બત્રીસ કે, મલશે ભાવથીરે લોલ. ૬
તારે તેત્રીસ કરોડ મુનીવર દેવ, વધાવે ગુરનેરે લોલ. ૭
પાંચ કરોડસું રાય પહેલાજ કે, મલે સરવે દેવનારે લોલ. ૮
તારે હરીચંદ્ર રાય કરે અરદાસ કે, જમાત આપણીરે લોલ. ૯
ત્યાં નવ કરોડસું પાંડવ દેવ કે, અતી રંગ રાચસેરે લોલ. ૧૦
પીર સદરદીન સાથે મળશે સાર કે, બાર કરોડીયાંરે લોલ. ૧૧
ગુર હસનશાહ સાથે અનત કરોડ જેણે વેદ પ્રમાણીયારે લોલ. ૧૨
ત્યાં મલશે સરવે પયગમ્બર દેવ કે, સવા લાખ સારથીરે લોલ. ૧૩
ત્યાં હાજર સરવે હુસેની દેવ કે, વુઠા નુર થકીરે લોલ. ૧૪
રતન જુગના સુણી વીસ્તાર કે, સહુ અચરત થયારે લોલ. ૧૫
પણ ન જાણે ખેલ ગુરજીના થાય કે, સહુ ગફલતે મોહી રહ્યારે લોલ. ૧૬
ગરબીયે વરત્યો જેજેકાર કે, ઓછવ મંગલારે લોલ. ૧૭
એમ સારી રાત થયો આનંદ કે, સવારે સહુ ગયારે લોલ. ૧૮
તેની ચરચા અતી નગરમાં થાય કે, સહુ જન દેખવારે લોલ. ૧૯
એમ બોલ્યા ગુર શમસ પીર કે, ખેલ રચાવીયારે લોલ. ૨૦

## (૯૨) મું ગીનાન.

### (ગરબી ૧૪ મી)

સતગુર શમસ એમ કહેરે ગાફલો, કેમ ઉતરશો પાર. ૧

પાથર રંગે રાચીયારે ગાફલો, પામો ન સીરજણુહાર. ૨
ફોગટ ફેરા તમે શું ફરોરે ગાફલો, ધ્યાવો તે સતપંથ ધરમ. ૩
પત્થર મુરત મુકીને ગાફલો, સતે છોડાવો કરમ. ૪
મુકો ભવાની માતનેરે ગાફલો, સેવો અલી અવતાર. ૫
પાવલ નીરમલ પીવોરે ગાફલો, ધ્યાવો તે ધરમ આચાર. ૬
માનો કાસમ શાહ નુરનેરે ગાફલો, આલ ઈમામ કલીમાંહે. ૭
દીલના તે તાળાં ખોલીનેરે ગાફલો, જુવો તે મુગતના ઠામ. ૮
અનવર શ્રી ઈસ્લામશાહરે ગાફલો, એ નરને પીછાણો તમે જોઈ. ૯
તેની કળાથી અમે આવીયારે ગાફલો, અમે પીર શમસ સોહી. ૧૦
કોલ તમારે અમે આવીયારે ગાફલો, પાળો તે વાચા આજ. ૧૧
વાયક સાંભળી જે ચાલશેરે ગાફલો, તે કરશે તે અવીચળ રાજ. ૧૨
છેલો અખાડો આ જુગનોરે ગાફલો, ચેતો તમે મારા વીર. ૧૩
સતપંથ ધરમને માનજોરે ગાફલો, ધરી રીદામાંહે ધીર. ૧૪
પાખંડે પાર નહી પામશોરે ગાફલો, સાચી કહું છું સતવાણ. ૧૫
કલજુગ સંધે ચેતજોરે ગાફલો, સમરો તે સારંગપાણ. ૧૬
ચેતણહારા તમે ચેતજોરે ગાફલો, પીયોને નીરમલ નીર. ૧૭
ગુરજી કહે તમને કથીને ગાફલો, એમ બોલ્યા શમસ પીર. ૧૮

## (૯૩) મું ગીનાન.

### (ગરબી ૧૫ મી)

ગુર કહેરે ગાફલો સાંભળોરે લોલ. ૧
એંવા ફોગટ ફેરા તમે શું ફરોરે લોલ. ૨
હવે નથી તે રૂપ અગ્યારમુરે લોલ. ૩
નથી કલજુગથી જુગ પાંચમોરે લોલ. ૪
આજ પરતક ગુર નર આવીયારે લોલ. ૫
તેણે માનખા તે રૂપ દેખાડીયારે લોલ. ૬
તે તો પાત્ર પીછાણો તમે સારથીરે લોલ. ૭

નહીતો ટળશો તે સીરજણહારથીરે લોલ. ૮
પછી પસ્તાવો કરશો તમે મુરખારે લોલ. ૯
જ્યારે પડશે તે સરવેના પારખારે લોલ. ૧૦
ગુર ઘણું કહે નાચણહારનેરે લોલ. ૧૧
કેમ ફોગટ નાચો તમે મુરખારે લોલ. ૧૨
ગુર ઓળખો તો આનંદ પામશોરે લોલ. ૧૩
તેથી અમર અમરાપુરી પામશોરે લોલ. ૧૪
હવે કોલ અમારા પુરા થયારે લોલ. ૧૫
એવા છેલ્લા સંદેશા સુધ્ધ હુવારે લોલ. ૧૬
ગુર શમસે કોલ દઈ પાળીયારે લોલ. ૧૭
આજ આવી કલીમાંહે પરવરીયારે લોલ. ૧૮

## (૯૪) મું ગીનાન.

### (ગરબી ૧૬ મી)

તીથ આઠમી આવ્યા ગામના લોક, જુએ સરવે સારથીરે લોલ. ૧
ગુર શમસ ગાયે મીઠા બોલ, સુણે સરવે મલીનેરે લોલ. ૨
ગુર ભાંખે અમરત ગીનાન કે, આદ ઉણીયાદથીરે લોલ. ૩
જ્યારે રચ્યાં જમીન આસમાન કે, પવન પાણીયારે લોલ. ૪
તારે ઉપની ચારેઇ ખાણુ કે, અઢાર ભાર વનસ્પતીરે લોલ. ૫
તેનો દાદો આદમ ઇશ્વર સાર, તે રચ્યા નુર થકીરે લોલ. ૬
પહેલા સઉથી ઉપના પંજેતન પાક, તે નુર થકી રચ્યાંરે લોલ. ૭
તે દીનથી ઉપજ્યો સતપંથ ધરમ, જે જાણે મરમનેરે લોલ. ૮
જે માને મુખી ગત જુમલો જમાત, તે છુટાવે કરમનેરે લોલ. ૯
ગતમાંહે છે કળા અનંત અપાર, સરવે ભરપુર છે રે લોલ ૧૦
ગતમાંહે જખ મેઘ કીનર સાર, દેવ તેત્રીસ કરોડીયારે લોલ. ૧૧
ગતમાંહે છે વ્યાપક ઓલીયા સાર, જે તેજ ધરી રહ્યારે લોલ. ૧૨
ગતમાંહે છે ગુર નર વ્યાપક સાર, તે તેજ ધરી રહ્યારે લોલ. ૧૩
ગતમાંહે છે આપે સીરજણહાર કે, સદા ભરપુર રહ્યારે લોલ. ૧૪

એવો મુગતી મારગ તે ગતમાંહે, જે જાણે તે લીયેરે લોલ. ૧૫
તે તો ગાફલ દુનીયા ન જાણે કોઇ, જે ગફલતમાં રહેરે લોલ. ૧૬
ગુરજી કહે છે સમજાઇ કે, જાણો તમે જાણીયારે લોલ. ૧૭
એવો ભેદ બતાવે ગુરજી આપ કે, ભુલો મ મુરખોરે લોલ. ૧૮
એમ બોલ્યા ગુર શમ્સ પીર કે, કથે ગુર ગીનાનનેરે લોલ. ૧૯

## (૯૫) મું ગીનાન.

### (ગરબી ૧૭ મી)

નર કાસમ શાહુના ફરમાનથી ગુર શમસ પીર રમવા નીસરીયારે મા. ૧
તે તો ફર્યા મુલક ચોવીસ માંહે, આપે શ્રી વર મીર રમવા
નીસરીયારે મા. ૨
પેલી ચીણુબ નગરીયે પરવરીયા, ત્યાં બોધ્યા સુરજાદે નાર રમવા
નીસરીયારે મા. ૩
પછી મેરૂએ દીઠા ખેલ ઘણા, તેનો નહી કોઇ પાર રમવા
નીસરીયારે મા. ૪
પછી આવ્યા તે ઉંચ નગરમાંહે, પયગમ્બરના પરીવાર રમવા
નીસરીયારે મા. ૫
ત્યાં બાવદીનને ભુંડો કરી, સીંગડા કીધા પ્રકાશ રમવા
નીસરીયારે મા. ૬
તારે મુઓ જીવાડયો ગુરજીએ, કીધા ખેલ અનંત અપાર રમવા
નીસરીયારે મા. ૭
તારે સુરજ મંગાવ્યો સતગુરૂએ, તે દીઠો સરવે સંસાર રમવા
નીસરીયારે મા. ૮
એવી કુદરત ગુરે આપે કરી, તે આપો આપ મોરાર રમવા
નીસરીયારે મા. ૯
ત્યાંથી આવ્યા અનલવડમાંહે, નાચ્યા ગરબીમાંહે રમવા
નીસરીયારે મા. ૧૦

તે તો મુરખ મરમ ન બુજતા, તે ભુલા ફરે ગેમાર રમવા
નીસરીયારે મા. ૧૧
ગુર ગીનાન કથીને સર્વેને કહે, સાથે અનત અપાર રમવા
નીસરીયારે મા. ૧૨
એવા ચારેઈ વેદ બતાવતાં, કથે ચારે કીતાબ રમવા નીસરીયારે મા. ૧૩
એવી શાખા સરવે સત તણી, મારગ સતપંથ ધરમ રમવા
નીસરીયારે મા. ૧૪
એવા છેલ્લા તે વેદ કુરાન, ગુર કહે છે વાણુ અનેક રમવા
નીસરીયારે મા. ૧૫
એ તો પુરા પુરવ પુંન તણા, સમજે જે કોઈ જન રમવા
નીસરીયારે મા. ૧૬
તે ગુર કહે અમર હુવા, તે આજ કલ છેલ્લી સંઘ રમવા
નીસરીયારે મા. ૧૭
એવો ગુર શમસે ભાખીયા, સાચો એહી ગીનાન રમવા
નીસરીયારે મા. ૧૮

## (૯૬) મું ગીનાન.

### (ગરબી ૧૮ મી)

ભુલા મ ભુલે ભમજોરે હીન્દુઓ, જુઓ છો શું મરમ. ૧
પથર પુજે શું પામશોરે હીન્દુઓ, માથે લીયો છો કરમ. ૨
ફુલ ચડાવો છો પથરનેરે હીન્દુઓ, ભુલી મ જાઓ ગેમાર. ૩
ભુલે જે વણુસે સારથીરે હીન્દુઓ, તે કયાંય ન પામે ઠામ. ૪
ત્રણુ વેદ જે ધીયાવતારે હીન્દુઓ, વહી ગયો અવસર જેહ. ૫
વહી ગયા નવ અવતાર અરે હીન્દુઓ, ધીયાવો તમે છે જેહ. ૬
વહી ગયા બ્રાહ્મણુ ભરમારે હીન્દુઓ, થયો હુસેની ઇમામ. ૭
વહી ગઇ પુજા ગણતણીરે હીન્દુઓ, પુજો અલીજીનું નામ. ૮
અડસઠ તીરથ ચલ ગયારે હીન્દુઓ, ને કળા ભરમાં ભરપુર. ૯
ઓત ભમીને શું ફરોરે હીન્દુઓ, પીયો તમે નીરમલ નુર. ૧૦

માથા પથરમાંહે શું હુણોરે હીન્દુઓ, ઓળખો નર કાસમશાહ અવતાર. ૧૧
કહેક નગરીમાં જે રહેરે હીન્દુઓ, તે સાહેબ વર દાતાર. ૧૨
તેને આરાધના છુટશોરે હીન્દુઓ, સાચું કહું તમને આજ. ૧૩
વાસો વઇકુંઠ પામશોરે હીન્દુઓ, કરશો તે અવીચળ રાજ. ૧૪
હુરા પચાસ તમે પામશોરે હીન્દુઓ, લેશો જો સતપંથ ધરમ. ૧૫
ગતમાંહે પાપ છોડાવજોરે હીન્દુઓ, તો ટળશે સઘળાં કરમ. ૧૬
પીર શમસ એમ ભાંખીયારે હીન્દુઓ, કહું છું તે છેલ્લી વાણુ. ૧૭
ભુલે મ ભુલો મુરખારે હીન્દુઓ, સેવો તે સારંગપાણુ. ૧૮

## (૯૭) મું ગીનાન.

### (ગરબી ૧૯ મી)

તીથ નવમી આવ્યા ગુરૂજી આપ, રમે સરવે સારથીરે લોલ. ૧
તે માંહે રમ્યા આપે સુજાણ, કથી વાણી ઘણીરે લોલ. ૨
કરીયા પંજેતન પાકના વખાણ, ઉપાવણ નુરનીરે લોલ. ૩
જ્યાં સરજ્યા કુતુબ તારા નુર, તે પંજેતન પાકનારે લોલ. ૪
તે તો સીતેર હજાર વરસ ઉગમતા સાર, ફરી એમ ઉગતારે લોલ. ૫
તે તારા નબી મહમદ નામ, અલી સીર તાજીયારે લોલ. ૬
જેના હંસ ગલામાં ફાતમા નુર, ઝબુકે જેમ વીજળીરે લોલ. ૭
તેને બે કાને દુર ઇમામ હસન હુસેન સમાવે તેજમાંરે લોલ. ૮
તેણે નુર રચ્યા સાત પાતાલ, રચાવ્યો આસમાનનેરે લોલ. ૯
તેણે અરસ કુરશને કીધા આપ, લોહ કલમ સરજીયારે લોલ. ૧૦
ત્યાં લોહ કલમથી લખ્યા નામ, મુનીવર દેવનારે લોલ. ૧૧
જે સતપંથ ધરમ ધીયાવે જન, લખ્યા તેને ધનીરે લોલ. ૧૨
તારે દશોંદનો માંડયો દેવાકાર, જેણેથી છુટશોરે લોલ. ૧૩
તે તો કાયા કસીને દીજે દાન, દશોંદ શુધ કરીરે લોલ. ૧૪
એ તો પ્યારી છે નરજીને આપ કે, જે જન કસાવતારે લોલ. ૧૫
એતો ગુર નરે બતાવી કસણી સાર, મુનીવર તમે કરજોરે લોલ. ૧૬

તો પામશો તમે પેલે પાર કે, અવીચલ રાજીયારે લોલ. ૧૭
એમ બોલ્યા ગુર શમસ પીર કે, સરસે કાજીયારે લોલ. ૧૮

## (૯૮) મું ગીનાન.

(ગરબી ૨૦ મી)

પીર નાચીને કથે ગીનાનરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૧
તમે સમજો તે સતની સાનરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૨
તમે જુઠાસું કીધા આચારરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૩
ગુર કહે છે વારોઇ વારરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૪
તમે ભુલો છો કાંય સહુ સાથરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૫
પીરે આવીને ઝાલ્યો છે હાથરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૬
તમે ખોજો તે વેદનો સારરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૭
ભુલી જાઓ તે કાંહે ગેમારરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૮
પીર કરે છે ખેલ આજરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૯
તમે ગાફલ થયા શીયે કાજરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા ૧૦
તમે સેવો તે સતપંથ જનોરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૧૧
દ્રઢ રાખીને આપણું મનરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૧૨

તમે મુકો તે ઠાકર દેવરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૧૩

એવી સમજ રાખો તતખેવરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૧૪

તમે પાવલે પવીત્ર થાશોરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૧૫

તો વહેલા તે વઇકુંઠમાંહે જાશોરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૧૬

એમ બોલ્યા છે ગુર શમસ પીરરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૧૭

તમે રાખો રદામાંહે ધીરરે મા, એમ સમજાવીને ગુર
કહે છે રે મા. ૧૮

## (૯૯) મું ગીનાન.

### (ગરબી ૨૧ મી)

સત મારગ સતવંતીયા સાંભળો સરવે જન, ગુર શમસ
કહે છે રે મા. ૧

તમે ખોજો તે સાર પુરાણુની થાશે નીરમલ મન, ગુર શમસ
કહે છે રે મા. ૨

આજ ગરબીયે આનંદ વરત્યા કાંયે ભુલો ગેમાર, ગુર શમસ
કહે છે રે મા. ૩

સતમાર્ગે દેવદેવી મલી રહ્યા તમે પરખો તે પરખણુહાર,
ગુર શમસ કહે છે રે મા. ૪

જખ મેઘ કીનર તરી ગયા તેત્રીસ કરોડ દેવ, ગુર શમસ
કહે છે રે મા. ૫

તેને દેખે જે મન નીરમલ કરી દોઇ કરમ તતખેવ, ગુર શમસ
કહે છે રે મા. ૬

પહેલાજ હરીચંદ્ર મલી રહ્યા સત ધરમે પાંડવ વીર, ગુર શમસ
કહે છે રે મા. ૭

તેને દેખે જે મન નીરમલ કરી અને રાખી રહ્યામાંહે ધીર,
ગુર શમસ કહે છે રે મા. ૮
તેતો સાચા રીખીસર તરી ગયા જેણે રાખ્યો દ્રઢ વીશ્વાસ,
ગુર શમસ કહે છે રે મા. ૯
તેતો ભરપુર વસી રહ્યા જ્યાં ગત ગંગાનો વાસ, ગુર શમસ
કહે છે રે મા. ૧૦
ચોથે પીર સદરદીન જાણજો તે બાર કરોડ સાથ, ગુર શમસ
કહે છે રે મા. ૧૧
તે નીર્મલ મન કરી દેખશે જે ઝાલે અમારો હાથ, ગુર શમસ
કહે છે રે મા. ૧૨
છેલ્લી સંધે અનતના સમરથી તેનું પીર હસનશાહ નામ,
ગુર શમસ કહે છે રે મા. ૧૩
તે ગત ગંગામાંહે વ્યાપક રહે રાત દીવસ હોઈ પ્રકાશ, ગુર
શમસ કહે છે રે મા. ૧૪
જે આવે સતપંથ ધરમમાંહે તે પામે મુગત દીદારે, ગુર શમસ
કહે છે રે મા. ૧૫
જે કોઈ પુરવ પુને સાચા હશે તે ઓધરશે નર ને નાર,
ગુર શમસ કહે છે રે મા. ૧૬
એવી ગરબી ગાય સતગુર તે પાઠ કરી પ્રકાશ, ગુર શમસ
કહે છે રે મા. ૧૭
જે કોઇ આવશે સતપંથ ધરમમાં તે હોશે હરીના દાસ,
ગુર શમસ કહે છે રે મા. ૧૮

## (૧૦૦) મું ગીનાન.

### (ગરબી ૨૨ મી)

ગુર વદીયા દશમી રાત કે, આવીયા ગરબીએરે લોલ. ૧
તારે નાચે અનત અપાર કે, રંગે સરવે રાચીયારે લોલ. ૨
તારે એક બ્રાહ્મણ શંકર નામ તે, ગરબી તજી ગયારે લોલ. ૩
તેણે ન જાણ્યો ગુરજીને સાર કે, ચમત્કાર છે રે લોલ. ૪

તેનું પુરવ પુન કાચો સાર કે, તેણે મેલ્યો બ્રહ્મનેરે લોલ. ૫
તે અસલ કમાઇમાં ઓછો સાર કે, તે શું જાણે સમરથીરે લોલ. ૬
બીજા સરવે નગરના લોક કે, મલી કરી સાંભળેરે લોલ. ૭
તે સહુ જાણે ગુરજીને સાર કે, કો હે જન દેવતારે લોલ. ૮
બીજા પાંત્રીસ પંડીત પડે પુરાણુ કે, તેણે સરવે જાણીયારે લોલ. ૯
સહુ મુકી પુરાણુને સાંભળે વાણુ જે સતગુર મુખે કહેરે લોલ. ૧૦
તે તો સમજ્યા સતના વચન કે, સમજ રદે ધરેરે લોલ. ૧૧
સરવે પંડીતનાં સુધર્યાં મન કે, બહુ રલીયાત થયારે લોલ. ૧૨
તેણે સમજી તે સઘળી પેર કે, ગુરજીના બોલનીરે લોલ. ૧૩
ત્યાં સાત નફેરી વજાડે તુર કે, કથન ગુરના કથીરે લોલ. ૧૪
ગુરજીના રંગના વજાડે ઢાલકે, અહોત વજાડીયારે લોલ. ૧૫
ત્યાં થાય બહુ જેજેકાર, દેખે સરવે માનવીરે લોલ. ૧૬
સરવે જન ત્યાં અચરત થાય, સુણે કાન ધરીરે લોલ. ૧૭
ગુર બોલ્યા શમસ પીર કે, સુણો સરવે ચીત દઇરે લોલ. ૧૮

## (૧૦૧) મું ગીનાન.

### (ગરબી ૨૩ મી)

ગુર કહે છે મીઠી વાણુ કે સહુ સાંભળતારે. ૧
તમે સમરો તે સારંગપાણુ કે જીવ રખે ભુલતારે. ૨
તમે સરવે ચીત દઇ સાંભળો કે સહુ નર નારીરે. ૩
એવો સતપંથ ધરમ ધીયાવો કે દુનીયા સારીરે. ૪
તમે વણુજો તે આછેરા વણુજ કે વ્યાપક રહીનેરે. ૫
રૂડા સતપંથ મારગ ધરમ કે નીજ ગીનાન લઇનેરે. ૬
તમે સમજો તે આછેરા મરમ કે પાવલ પીજોરે. ૭
તો છુટશે તમારા સરવે કરમ કે, દશોંદ દેજોરે. ૮
તમે કાયા કસી કરી કાઢજો કે સહુ સતપંથી. ૯

એવા રૂડા ધરમ તમે કરજો તો થાવો સમરથીરે. ૧૦
તમે ભુલો મ વારો વાર કે મારગ જાણોરે. ૧૧
અમે આવ્યા છીએ તમારે દ્વાર તે અમને પીછાણોરે. ૧૨
અમે વાચા તમારી પાળી કે તમે શું કહોછોરે. ૧૩
રહી અનત કરોડી ઓધારી તેમાં કેમ રહોછોરે. ૧૪
તમે આવો તે અનત માંહે કે ધરમને ધીયાવોરે. ૧૫
તો પામશો તે વઈકુંઠ વાસ જો હકને કમાવોરે. ૧૬
એમ બોલ્યા છે શમસ પીર કે ચેતીને ચાલોરે. ૧૭
તમે રાખો રૂદામા ધીર કે દશોંદ આલોરે. ૧૮

## (૧૦૨) મું ગીનાન.

### (ગરબી ૨૪ મા)

તારે વાગા તે ગીનાનના વાજારે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧
આવી ઉભા તે સરવે રૂખી રાજરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૨
ત્યારે વાજી છે જંત્રી ધરમનીરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૩
છુટી તાલ તે સઘળી કરમનીરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૪
આવી નાચે તે મોટા ભુપાલરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૫
ઉભા છે તે છોડી પઈયાલરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૬
ત્યારે આનંદ અતી ઘણો થાયરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૭
ત્યારે હતો જે નગરનો રાયરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૮

તેને ગરબીની થઇ છે જાણુરે મા, ખેલ કીધા તે ગુર
શમસેરે મા. ૯
આવ્યા ગરબીમાં સારંગપાણુરે મા, ખેલ કીધા તે ગુર
શમસેરે મા. ૧૦
રાય ચાલી આવ્યા તેણે ઠાંઇરે મા, ખેલ કીધા તે ગુર
શમસેરે મા. ૧૧
સરવે પરધાન તેને સાથરે મા, ખેલ કીધા તે ગુર
શમસેરે મા. ૧૨
દીઠી કળા કુદરત ગુરનીરે મા, ખેલ કીધા તે ગુર
શમસેરે મા. ૧૩
મલી રઇયત સરવે નગરનીરે મા, ખેલ કીધા તે ગુર
શમસેરે મા. ૧૪
સહુને અચરત અતી ઘણો થાયરે મા, ખેલ કીધા તે ગુર
શમસેરે મા. ૧૫
આવી ગુરજીને લાગા છે પાયરે મા, ખેલ કીધા તે ગુર
શમસેરે મા. ૧૬
એમ બોલ્યા છે શમસ પીરરે મા, ખેલ કીધા તે ગુર
શમસેરે મા. ૧૭
તમે સતપંથ આરાધો વીરરે મા, ખેલ કીધા તે ગુર
શમસેરે મા. ૧૮

## (૧૦૩) મું ગીનાન.

### (ગરબી ૨૫ મા)

જ્યારે આવી છે છેલ્લી રાત કે, મલ્યા સરવે સારથીરે લોલ. ૧
ગુરે કીધા છે ખેલ અપાર કે, મલ્યા સરવે રૂષીરે લોલ. ૨
રાય રઇયત મલ્યા અપાર કે, ગુરજીને પાયે પડઆરે લોલ. ૩
એવી ગુર શમસજીને પાસ કે, સહુ વીનતી કરેરે લોલ. ૪
ગુર આપો અમને તમારો ધરમ કે, સરવે એમ કહેરે લોલ. ૫

તો છુટે સરવે અમારા કરમ કે, સતી સતમાંહે રહેજોરે લોલ. ૬
તારે બ્રાહ્મણ સરવે મુકી પુરાણ કે, ગુરજીને પાયે પડયારે લોલ. ૭
કહે ગુર બતાવો તમારા ધરમ કે, એમ સરવે કરગરેરે લોલ. ૮
અમે મુકયો સરવે ઠાઠ કે, તમ સતગુર થકીરે લોલ. ૯
હવે ત્રણ વેદથી નહી રહ્યું કામ કે, કરો તમે સારથીરે લોલ. ૧૦
તમે ગુરજી સાચા મુસલમાન કે, બતાવો દીનનેરે લોલ. ૧૧
અમે હીન્દુ મુકી જુઠા દેવ કે, આરાધીયે દીનનેરે લોલ. ૧૨
અમે કરસણ આછા વાવીયે સાર કે, તો ફળ પામીયેરે લોલ. ૧૩
તમે આપો અમને તમારો ધરમ, તો રૂદામાંહે રાખીયેરે લોલ. ૧૪
અમે કુડાં સાસ્ત્ર કાઢયા આય કે, બતાવો કુરઆનનેરે લોલ. ૧૫
તમે આલો અમને આછો ધરમ કે, દેખાડી હીસાબનેરે લોલ. ૧૬
ગુરે કીરપા કીધી આપણી સાર કે, બ્રાહ્મણ નીમીયારે લોલ. ૧૭
ત્યારે અવીચળ વાણી શમસ પીર, ગુરે મુખથી કથીયારે લોલ. ૧૮

## (૧૦૪) મું ગીનાન.

### (ગરબી ૨૬ મી)

ગુરે ભુલ્યાને મારગ બતાવીયારે લોલ ૧
સરવે બ્રાહ્મણોને ધરમજ આલીયારે લોલ. ૨
ત્યારે ધરમ લીયા રાય રાણીયેરે લોલ. ૩
સરવે નગરની રઈયત પ્રાણીયેરે લોલ. ૪
જતી જોગીયે તે જોગને છોડીયારે લોલ. ૫
રૂદે સત ધરમથી જોડીયારે લોલ. ૬
આવી સન્યાસીએ સન્યાસપણા છોડીયારે લોલ. ૭
રૂડા સતપંથ મારગમાંહે આવીયારે લોલ. ૮
ત્યાં વેરાગીએ વેરાગને છોડીયારે લોલ. ૯
ચીત સતપંથ મારગ માંહે જોડીયારે લોલ. ૧૦
સહુ પુજારે પુજાને મેલીયારે લોલ. ૧૧
રંગ ધરમ મારગ માંહે રેલીયારે લોલ. ૧૨

ત્યાં સવાભાર ત્રાગડા તુટીયારે લોલ. ૧૩
રહે સરવેને નુર આવી ઉઠીયારે લોલ. ૧૪
નાંખી ગરબી સમુદ્રમાંહે સાબદીરે લોલ. ૧૫
લીધી સતપંથ મારગની બોધીયાંરે લોલ. ૧૬
ગુરૂ શમસ મહેર કરી બોલીયારે લોલ. ૧૭
કુડા કુફરાનના તાળાં સરવે ખોલીયારે લોલ. ૧૮

## (૧૦૫) મું ગીનાન.

### (ગરબી ૨૭ મા)

ગુરે કાઢી છે પાવલા હાથે, અમીજલ ભરીયારે. ૧
પાવે સહુ સહુને મેળવી સાથે, પીર મહેર ધરીયારે. ૨
સરવે સતપંથે પાવન કીધાં, અમીરસ પાઇનેરે. ૩
નરે દીધો છે આપે દીદાર, કાસમ શાહ આવીનેરે. ૪
ત્યાં નગર માંહે આનંદ થાય, કે સહુ ઓચરે ગીનાનનેરે. ૫
સુખી ગતમાં થાપ્યા સાર, આપે છે સરવે દાનરે. ૬
સરવે દાન દશોંદે સુધા, મુનીવર થયારે. ૭
ગુરે આપે કરીછે બહુ મહેર, અનત માંહે લાવીયારે. ૮
ત્યાં સરવે નગર તણાં, કે સીધ્યા કાજરે. ૯
તે તો કરશે અમરાપુરી માંહે, ભાઇ અવીચલ રાજરે. ૧૦
જે કોઇ જાણી જોઇ ભુલ્યા, તે ઠામ ન પાવેરે. ૧૧
ભુલી મુગતીથી થયા છે બહાર, તે ઘરો ઘર ભમેરે. ૧૨
જેણે લીધો છે સતપંથ ધરમ, કે મુરખ નહી પાળેરે. ૧૩
તેને માથે ચડે છે બહુ કરમ, કે નગર માંહે ઘાલેરે. ૧૪
તમે ધરમ આરાધો મોરા ભાઇ, કે પામો પેલે પારરે. ૧૫
હોવે સાચી તમારી કમાઇ, જાશો સરગ દુવારરે. ૧૬
એવી ગરબી ગાય છે આપે, કે ગુર શમસ પીરરે. ૧૭
જાશે મુમન ભાઇઓના પાપ કે, તમે કરજો દીદારરે. ૧૮

## (૧૦૬) મું ગીનાન.

### (ગરબી ૨૮ મી)

એવી ગરબી સંપુર્ણ સાર, ગુર શમસ બોલ્યા વીચાર. ૧
જે કોઈ સાંભળશે એકહી મન, તેના સહસ્ત્ર ઘણેરા પુન. ૨
જે કોઇ ગાય તે નર ને નાર, તે તો પામશે પેલે પાર. ૩
જે કોઇ સતપંથકી ગરબી ગાય, તેના પ્રાછત સરવે જાય. ૪
એવી ખેલ રમત થઇ છે ભારી, સતે સાંભળજો નર ને નારી. ૫
વાસો વઈકુંઠ તો તમે પામો, સતે ગરબીને જો તમે ગાવો. ૬
ગાઈ ગરબી આરાધો ધરમ, તો પાપ છુટે જુગાજુગના કરમ. ૭
જે કોઈ સતપંથકી ગરબી સુણીયા, તેના તરે એકોતેર પુરીયા. ૮
જેણે રાખ્યો છે દ્રઢ વીશ્વાસ, તે તો હોસે અલીના દાસ. ૯
જે કોઈ ગાય અલીના દાસ, તે તો પામશે વઇકુંઠ વાસ. ૧૦
જે કોઈ ભણુશે થાવર રાત, તે તો થાશે તે અમર જાત. ૧૧
સાચો સીદક રાખો મોરા ભાઈ, તો હોવે સાચી તમારી કમાઇ. ૧૨
રાખો રીખીસર રહામાંહે ધીર, એમ બોલ્યા છે ગુર શમસ પીરઃ ૧૩
પીરે કોલ કીધા તેથી આવ્યા, કેવે મારગે કરી સમજાવ્યા. ૧૪
એવો સમજીને ખોવો છો હોંસ, પછી પીરને મ દેજો દોસ. ૧૫
પીરે હરફે હરફે કરી સમજાવ્યા, જેણે સતપંથકુ ચીતમાં લાયા. ૧૬
તે તો ઓધરીયા નર ને નાર, પીર શમસ બોલ્યા વીચાર. ૧૭
એવી ગરબી સંપુર્ણ સાચ, સાચા ગુરજીની સાચી વાચ. ૧૮